# ગુરુદ્વારાની છેતરપિંડી

વિઝા મિત્ર

★ સંગીતા જોશી

પંજાબથી મને એક સરદારજી ગુરપ્રીતસિંઘ (નામ બદલ્યું છે) નો ફોન આવ્યો.

વિઝામિત્રો, આ એક સાચી બનેલી ઘટના છે. ગુરપ્રીતસિંઘે મને એમની આપવીતી જણાવી.

ગુરપ્રીતસિંઘ એક ગુરુદ્વારામાં ભજનિક છે. એ જ તેમની આજીવિકાનું સાધન છે. તેમને અમેરિકાના એક ગુરુદ્વારાના મોટા ગ્રંથિસાહેબનો એક દિવસ ફોન આવ્યો. એ ગ્રંથિસાહેબે પંજાબના આ ગુરુદ્વારાના ઘણા બધા ભજનિકોને સ્પોન્સર કરીને અમેરિકા બોલાવવાનું નક્કી કર્યું હતું. ગુરપ્રીતસિંઘે ખુશી ખુશી આ ઓફર સ્વીકારી લીધી. તેમના માટે એ ગ્રંથિસાહેબે અમેરિકાના ધર્મગુરુઓ માટેના R-1 વિઝાનું પિટિશન દાખલ કર્યું અને બધાને અમેરિકા બોલાવી લીધા. ગુરપ્રીતસિંઘ અઢી વર્ષ ત્યાંના ગુરુદ્વારામાં રહ્યા. તેમણે ખૂબ ભજનો ગાયાં. વર્ષે દહાડે કમસેકમ 35થી 40 હજાર યુએસ ડૉલર જેટલો પગાર પણ મેળવ્યો. ત્યારબાદ ત્યાંના ગ્રંથિસાહેબે તેમના માટે R-1 વિઝાના એક્સટેન્શનની અરજી કરી અને તેમને ફરી પાછા બીજા અઢી વર્ષ માટે રહેવાની પરવાનગી મળી ગઈ.

R-1 વિઝા પર જનાર ધર્મગુરુ અમેરિકામાં વધુમાં વધુ પાંચ વર્ષ રહી શકે છે. ત્યારબાદ તેમણે પોતાના દેશમાં પાછા ફરી જવું પડે છે. પછી એક વર્ષ રહીને તેમના માટે ફરી પાછા R-1 વિઝાની અરજી કરી શકાય છે.

ગુરપ્રીતસિંઘના પાંચ વર્ષ પૂરાં થવાનાં હતાં. તેમણે પાછા જવાની તૈયારી કરવાની હતી. પરંતુ અમેરિકાના ગુરુદ્વારાના ગ્રંથિસાહેબના તેઓ માનીતા થઈ ગયા હતા. તેમણે તેમને રોકી લીધા અને કહ્યું કે, ‘મારી ઘણી ઓળખાણ છે અને હું તારા માટે R-1 વિઝાનું પાછું એક્સટેન્શન કરાવી આપીશ.’ બિચારા ગુરપ્રીતસિંઘ ભોળવાઈ ગયા. તેમને એમ કે આટલા મોટા સંતમહાત્મા જૂઠું થોડું બોલતા હશે! પણ બદનસીબે તેમનું ત્યાં રહેવાનું ઈલિગલ થઈ ગયું હતું. હવે ગ્રંથિસાહેબે તેમનો ફાયદો ઉપાડવાનું ચાલુ કર્યું. ગુરપ્રીતસિંઘનો પગાર બંધ કરી દીધો. તેમની પાસે ભજન ગવડાવવાનું બંધ કરી દીધું અને તેમની પાસે ગુરુદ્વારામાં એક નોકર પાસે કરાવે એવાં બધાં કામો કરાવવાનું શરૂ કર્યું. ગુરપ્રીતસિંઘ કાયદાથી અજાણ હોવાને કારણે વધુ ને વધુ કામ કરતા રહ્યા. ધીમે ધીમે તેમને સચ્ચાઈ સમજાવા માંડી હતી, પણ હવે તેમને કોઈ રસ્તો સૂઝતો નહોતો. એ દરમિયાન અમેરિકાના ગુરુદ્વારામાં એક દિવસ USCISના ફ્રોડ ડિટેક્શન ઓફિસર સરપ્રાઈઝ ચેકિંગ માટે આવ્યા.

ગુરપ્રીતસિંઘ ઈલિગલ હતા જ. આથી તેમને તુરંત જ ડિપોર્ટ કરવામાં આવ્યા અને તેમના પર અમેરિકામાં પ્રવેશવા માટે 10 વર્ષનો પ્રતિબંધ લગાડી દેવામાં આવ્યો.

આજે ગુરપ્રીતસિંઘ પરના આ 10 વર્ષના પ્રતિબંધની મુદત પૂરી થઈ ગઈ છે. હવે તેમને અમેરિકાના બીજા એક વધુ મોટા ગુરુદ્વારામાંથી ભજનિક તરીકે ફરીથી આવવાની ઓફર આવી છે. તો હવે એ જાણવા માગે છે કે તેમણે શું કરવું? અમેરિકા ઈમિગ્રન્ટોનો દેશ છે. વિશ્વના જુદા જુદા ધર્મો પાળતા લોકો ત્યાં જઈને વસ્યા છે. તેમણે પોતપોતાનાં ધર્મસ્થાનો–મંદિર,




**જો કોઈ વ્યક્તિ ધર્મગુરુ હોય, ધાર્મિક સ્થાનમાં કે સંસ્થામાં ઓછામાં ઓછાં છેલ્લાં બે વર્ષથી કાર્યરત હોય અને એ વ્યક્તિની અમેરિકામાં આવેલા તેના જ ધર્મના સ્થાનક કે સંસ્થામાં જરૂર હોય, તો એ અમેરિકન સ્થાનક કે સંસ્થા એ વ્યક્તિ માટે R-1 વિઝાનું પિટિશન દાખલ કરી શકે છે**

મસ્જિદ, દેરાસર, ગુરુદ્વારા, ચર્ચ વગેરે–ત્યાં બાંધ્યાં છે. એ ધાર્મિક સ્થાનો ચલાવવા, ધર્મનું પાલન કરાવવા, જાળવવા તેમજ ફેલાવવા માટે તેમને ધર્મગુરુઓની જરૂરિયાત રહે છે. તેમના માટે R-1 વિઝા છે.

જો કોઈ વ્યક્તિ ધર્મગુરુ હોય, ધાર્મિક સ્થાનમાં કે સંસ્થામાં ઓછામાં ઓછાં છેલ્લાં બે વર્ષથી કાર્યરત હોય અને એ વ્યક્તિની અમેરિકામાં આવેલા તેના જ ધર્મના સ્થાનક કે સંસ્થામાં જરૂર હોય, તો એ અમેરિકન સ્થાનક કે સંસ્થા એ વ્યક્તિ માટે R-1 વિઝાનું પિટિશન દાખલ કરી શકે છે. આ પિટિશન અપ્રૂવ થતાં જ જેના લાભ માટે આ પિટિશન દાખલ કર્યું હોય એ વ્યક્તિ ભારતમાં આવેલી અમેરિકન કોન્સ્યુલેટમાં જઈને ધર્મગુરુ તરીકેની અથવા એ સંસ્થામાં કાર્ય કર્યું હોય એવી પોતાની લાયકાત દર્શાવીને R-1 વિઝા મેળવી શકે છે. તેની સાથે સાથે તેના પતિ કે પત્ની અને 21 વર્ષથી નીચેની વયનાં અવિવાહિત સંતાનોને પણ ડિપેન્ડન્ટ R-2 વિઝા મળી શકે છે. ઘણા કોન્સ્યુલર ઓફિસરોને ગીતાનું, શ્રીકૃષ્ણ ભગવાન, ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામી, ગુરુ નાનક, મોહમ્મદ પયગંબર, ઈસુ ખ્રિસ્ત વગેરે વિશે ઊંડું જ્ઞાન હોય છે. તેઓ R-1 વિઝાના અરજદારો સાથે તેમના ધર્મ વિશે ચર્ચા પણ કરે છે.

R-1 વિઝાના ઈન્ટરવ્યૂમાં તેઓ એ ધર્મગુરુ પાસે શ્લોક, ગ્રંથસાહેબના મૂળ મંત્ર, કુરાનના કલમા કે બાઈબલના વર્સ પણ બોલાવડાવીને તેમનું જ્ઞાન માપવાની કોશિશ કરે છે અને પછી જ તેમને R-1 વિઝા આપે છે. જો કોઈ વ્યક્તિ પોતાને ખોટી રીતે ધર્મગુરુ બતાવીને જવા માગે, તો એ તરત જ ઓળખાઈ જાય છે અને તેના R-1 વિઝા રિજેક્ટ કરી નાખવામાં આવે છે.

અમેરિકા બધા જ ધર્મોને સરખા ગણે છે અને ધર્મગુરુઓને બને એટલી વધુ સગવડો આપે છે. આથી જ ગુરપ્રીતસિંઘને પણ તેમના ધર્મના ભજનિક તરીકે પાંચ વર્ષના વિઝા આપવામાં આવ્યા હતા. તેમણે જો વધુ સમય રહેવાની લાલચ રાખી ન હોત અથવા તો ત્યાંના ગ્રંથિસાહેબે તેમના માટે ફરી પાછું પિટિશન કરવાના નાનકડા ખર્ચને બચાવવા માટે તેમને રોકી ન લીધા હોત, તો ગુરપ્રીતસિંઘ ભારતમાં એક વર્ષ રહીને પાછા નવા R-1 વિઝા લઈને અમેરિકા કાયદેસર રીતે જઈ શક્યા હોત. તેમના પર 10 વર્ષનો બૅન પણ ન લાગત.

પરંતુ જે થઈ ગયું એ થઈ ગયું. હવે કુશળ ભજનિક ગુરપ્રીતસિંઘને વધુ મોટા ગુરુદ્વારામાંથી R-1 વિઝા પર બોલાવવાની વાતચીત ચાલી રહી છે, તો ગુરપ્રીતસિંઘે હવે શું કરવું? શું તેમણે આ ઓફર સ્વીકારી લેવી કે ના પાડવી? અને જો સ્વીકારે, તો કેવી રીતે આગળ વધવું? આ સઘળું જાણવા માટે વાંચો ‘ગુરુદ્વારાની છેતરપિંડી’નો ભાગ-2 (ક્રમશઃ)

# અકસ્માતની જાણ કરવામાં વિલંબ થયો હોય તો ઈન્શ્યોરન્સ ક્લેમ મળે ?

ગ્રાહક મંચ

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

વીમા પોલિસીમાં ઝીણા ઝીણા અક્ષરે લખેલી અનેક શરતો હોય છે. જો કે આ શરતો દરેક પોલિસીધારકે વાંચવી જોઈએ. મોટાભાગના લોકો વાંચતા નથી. પરિણામે પાછળથી મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાય છે. પર્સનલ એક્સિડેન્ટ ઈન્શ્યોરન્સ પોલિસીની શરતો પૈકીની એક મહત્ત્વની શરત મુજબ, પોલિસીધારકને અકસ્માત થાય તો તેની જાણ વીમા કંપનીને એક મહિનામાં (અથવા અમુક ચોક્કસ સમયમર્યાદામાં) કરવાની હોય છે. આ શરતનો ભંગ થવાના કિસ્સામાં, એટલે કે પોલિસીધારકને અકસ્માત થયાની જાણ નિયત સમયમાં વીમા કંપનીને ન કરવામાં આવી હોય, તેવા સંજોગોમાં આવો શરતભંગ વીમા કંપનીને ક્લેમ નકારવાનું બહાનું પૂરું પાડે છે. પરંતુ તાજેતરમાં એક મહત્ત્વના ચુકાદામાં નેશનલ કમિશને વીમાધારકનું અકસ્માતમાં મૃત્યુ થવાની જાણ વારસદારો દ્વારા વીમા કંપનીને કરવામાં ત્રણ મહિનાનો વિલંબ થયો હોવા છતાં વીમા કંપનીને ક્લેમ ચૂકવવા જવાબદાર ઠરાવી હતી.

રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિ. (મૂળ સામાવાળા) વિરુદ્ધ શ્રી એ.વી.વી.એન. ગણેશ (મૂળ ફરિયાદી)ના આ કેસમાં બન્યું એવું હતું કે મૂળ ફરિયાદીના પિતા રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિ. (મૂળ સામાવાળા)ની રૂ. 5,00,000/-ની પર્સનલ એક્સિડેન્ટ ઈન્શ્યોરન્સ પોલિસી ધરાવતા હતા. ફરિયાદીના પિતા જાહેર રસ્તા પર પોતાની સાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે બે કૂતરાઓ તેમની પાછળ પડ્યા હતા અને તેમના પગ, જાંઘ તથા અન્ય મહત્ત્વનાં અંગોમાં બચકાં ભર્યાં હતાં. તેને કારણે ફરિયાદીના પિતાને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તેમનું અવસાન થયું હતું. ફરિયાદીના પિતાના અવસાન પછી લગભગ ચાર મહિને વીમા કંપનીને જાણ કરી પર્સનલ એક્સિડેન્ટ ઈન્શ્યોરન્સ અન્વયે રૂ. 5,00,000/- મેળવવાનો ક્લેમ કરવામાં આવ્યો હતો. વીમા કંપનીએ અકસ્માત થયાના એક મહિનામાં જાણ કરવાની પોલિસીમાં શરત હોવાનું અને મજકૂર શરતનો ભંગ થયો હોવાથી ક્લેમ ચૂકવવાપાત્ર ન રહેતો હોવાનું



**અકસ્માતમાં પિતાના થયેલા મૃત્યુ અંગેની જાણ કરવામાં ફરિયાદી પક્ષે થયેલો વિલંબ એટલો મહત્ત્વનો અને ફેટલ નથી કે જેને કારણે ક્લેમ નામંજૂર થઇ શકે, સંજોગો, મેડિકલ રેકોર્ડ્સ અને સારવાર આપનારા ડૉક્ટરની એફિડેવિટ થકી ફરિયાદીના પિતાનું મૃત્યુ અકસ્માતમાં થયું હોવાનું પુરવાર થતું હતું**

જણાવી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. વીમા કંપનીએ કોઈ ઈન્વેસ્ટિગેટરની નિમણૂક પણ કરી ન હતી કે કોઈ ઈન્વેસ્ટિગેશન પણ કર્યું ન હતું.

ફરિયાદીએ વીમા કંપની વિરુદ્ધ જિલ્લા ફોરમમાં ફરિયાદ કરી પોલિસી અન્વયેની ક્લેમની રકમ અપાવવા દાદ માંગી હતી. પરંતુ જિલ્લા ફોરમે પણ અકસ્માતના એક મહિનામાં વીમા કંપનીને જાણ કરવાની શરતનો ભંગ થયો હોવાથી ક્લેમ નકારવાનો વીમા કંપનીને હક હોવાનું ઠરાવી ફરિયાદ નામંજૂર કરી હતી. જેથી ફરિયાદીએ આંધ્રપ્રદેશ સ્ટેટ કમિશનનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. આંધ્રપ્રદેશ સ્ટેટ કમિશને ફરિયાદીની અપીલ મંજૂર કરી જાણ કરવામાં થયેલા વિલંબને આગળ ધરીને ક્લેમ નામંજૂર કરવાના વીમા કંપનીના કૃત્યને સેવામાં ખામી ગણાવી ક્લેમની રકમ રૂ. 5,00,000/- વાર્ષિક ૯ ટકા લેખેના વ્યાજ સહિત અને રૂ. 2,000/-ના ખર્ચ સહિત ફરિયાદીને ચૂકવી આપવાનો વીમા કંપનીને હુકમ કર્યો હતો.

મજકૂર હુકમથી નારાજ વીમા કંપનીએ નેશનલ કમિશન સમક્ષ રિવિઝન પિટિશન ફાઈલ કરી હતી અને આંધ્રપ્રદેશ સ્ટેટ કમિશનનો હુકમ રદ કરવાની તથા ફરિયાદ નામંજૂર કરવાની દાદ માંગી હતી.

નેશનલ કમિશનના પ્રિસાઈડિંગ મેમ્બર જસ્ટિસ અનુપમ દાસ ગુપ્તાએ કરેલા હુકમમાં જણાવ્યું હતું કે અકસ્માતમાં પિતાના થયેલા મૃત્યુ અંગેની જાણ કરવામાં ફરિયાદી પક્ષે થયેલો વિલંબ એટલો મહત્ત્વનો અને (ફેટલ) નથી કે જેને કારણે ક્લેમ નામંજૂર થઈ શકે. સંજોગો, મેડિકલ રેકોર્ડ્સ અને સારવાર આપનારા ડૉક્ટરની એફિડેવિટ થકી ફરિયાદીના પિતાનું મૃત્યુ અકસ્માતમાં થયું હોવાનું પુરવાર થતું હતું. ફરિયાદીના પિતાનું મૃત્યુ ખરેખર અકસ્માતને કારણે થયું હતું કે નહીં, તેની ખાતરી વીમા કંપની વિલંબથી પણ ઈન્વેસ્ટિગેશન કરાવીને કરી શકી હોત. આમ જણાવી નેશનલ કમિશને વીમા કંપનીની રિવિઝન પિટિશન રદ કરી હતી અને ફરિયાદીને રૂ. 5,00,000/- નવ ટકા લેખેના વ્યાજ સહિત તથા ખર્ચ સહિત ચૂકવવાનો આદેશ આપતા સ્ટેટ કમિશનના હુકમને કન્ફર્મ કર્યો હતો. આમ, અકસ્માતની જાણ કરવામાં વીમાધારક અથવા વીમાધારકના વારસદારો તરફથી વિલંબ થવાના કિસ્સામાં પણ વીમા કંપની ક્લેમ ચૂકવવા જવાબદાર બની શકે છે.

## કેન્ડલ લાઇટ

**પ્રેમમાં ન બોલાયેલા શબ્દોનું ખૂબ જ મહત્ત્વ હોય છે.**

**– મૃગાંક શાહ**